જા.ક્ર.:મા-૧/૨૦૨૫/9353

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૨૮/૦૭/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ધોરણ ૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બાબતના તા.૨૮/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૨૦૪૯-૨૦૯૪ની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૨૦૪૯-૨૦૯૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૮/૦૭/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૦૯૫-૧૧૪૧, તા.૦૮/૦૪/૨૦૨૫
(૨) અત્રેની તા.૧૭/૦૭/૨૦૨૫ની શૈક્ષણિક સમિતિની બેઠકનો ઠરાવક્રમાંક:૧૨/૨૦૨૫
(3) અત્રેની તા.૨૪/૦૭/૨૦૨૫ની સીંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના સંદર્ભ-(૧) દર્શિત પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરની વિગતો જાણ તથા અમલ સારૂ મોકલી આપવામાં આવેલ હતી. ઉક્ત વિગતો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષા તા.૧૧/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ દરમ્યાન યોજાનાર હતી. પ્રથમ પરીક્ષાની ઉક્ત તારીખોમાં ફેરફાર કરવા અંગે શૈક્ષણિક સંઘોની રજૂઆત અત્રે મળેલ હતી. જે અન્વયે તા.૧૭/૦૭/૨૦૨૫ના રોજ યોજાયેલ શૈક્ષણિક સમિતિની બેઠકમાં સંદર્ભ-(૨) દર્શિત ઠરાવ ક્રમાંક:૧૨/૨૦૨૫ થી પ્રથમ પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવા અંગે સરકારશ્રીની મંજૂરી મેળવવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા તા.૨૪/૦૭/૨૦૨૫ના રોજ રજૂ કરવામાં આવેલ સીંગલ ફાઈલ પર સરકારશ્રીની મંજૂરી મળેલ છે. જે અન્વયે ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષા તા.૧૧/૦૯/૨૦૨૫ થી તા.૨૦/૦૯/૨૦૨૫ દરમ્યાન યોજાનાર હતી તેમજ તેમાં જૂન માસથી ઓગષ્ટ માસ સુધીનો અભ્યાસક્રમ લેવાનો થતો હતો. તેને બદલે હવેથી ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષા તા.૦૩/૧૦/૨૦૨૫ થી તા.૧૩/૧૦/૨૦૨૫ દરમ્યાન લેવાની રહેશે તેમજ આ પરીક્ષા માટે જૂન માસથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના (જાણ સારૂં) :-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(રા.ક.) શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.અગ્ર સચિવશ્રી, (પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- માન.નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.
- નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના :-

- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (પરીક્ષા) (વિજ્ઞાન પ્રવાહ), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
  (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)
- નાયબ નિયામકશ્રી.(પરીક્ષા) (સામાન્ય પ્રવાહ), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
  (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)
- નાયબ નિયામકશ્રી (પરીક્ષા) (SSC), ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
  (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)